ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૩-૦૭-૨૦૨૬**

- **દરેક પૂરના અંતે સરકાર માત્ર સર્વે કરશે કે જવાબદારોને સજા પણ કરશે? : ડૉ. મનિષ દોશી**
- **દરેક વખતે કુદરતને દોષ આપીને સરકાર પોતાની જવાબદારીમાંથી બચી શકે નહીં. : ડૉ. મનિષ દોશી**
- **વીસ વર્ષ પછી પણ જો સુરત ફરી ડૂબે છે, તો તેનો અર્થ સ્પષ્ટ છે સરકારે અહેવાલો લખાવ્યા, પરંતુ અમલ કર્યો નહીં. : ડૉ. મનિષ દોશી**
- **ગુજરાતના લોકો હવે સહાનુભૂતિ નહીં, જવાબદારી માંગે છે. બહાનાં નહીં, પરંતુ કાર્યવાહી માંગે છે. : ડૉ. મનિષ દોશી**

"સુરતમાં ૨૦૦૬ના ભારેપૂર પછી ૨૦ વર્ષ વીતી ગયા, ફરી ૨૦૨૬માં ખાડીપૂર થી ભારે તારાજી પરંતુ સરકારે કોઈ બોધપાઠ લીધો નથી." આ માત્ર કુદરતી આફત નથી, પરંતુ સરકારની નિષ્ફળ આયોજનશક્તિ, વહીવટી બેદરકારી અને જવાબદારીના અભાવનું જીવંત ઉદાહરણ છે. દરેક વખતે કુદરતને દોષ આપીને સરકાર પોતાની જવાબદારીમાંથી બચી શકે નહીં. ત્યારે દરેક પૂરના અંતે સરકાર સર્વે કરશે કે જવાબદારોને સજા પણ કરશે ? તેવો વેધક પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૬માં સુરતે વિનાશક પૂરની કરુણ ઘટના જોઈ હતી. ત્યારબાદ સરકારે ન્યાયમૂર્તિ સુજ્ઞાબેન ભટ્ટ સમિતિની રચના કરી હતી. સમિતિએ પૂર નિયંત્રણ, ડેમ સંચાલન, આગોતરા ચેતવણી, ડ્રેનેજ વ્યવસ્થા, ટાઉન પ્લાનિંગ અને આપત્તિ વ્યવસ્થાપન અંગે અનેક મહત્વપૂર્ણ ભલામણો કરી હતી. પરંતુ આજે, વીસ વર્ષ પછી ફરી એ જ ઈતિહાસ દોહરાયો છે. તો પછી પ્રશ્નો ઉદ્ભવે છે. જો ૨૦૦૬ના પૂરમાંથી સરકારે બોધપાઠ લીધો હતો તો આજે ફરી સુરત કેમ ડૂબ્યું? ન્યાયમુર્તિ સુજ્ઞાબેન ભટ્ટ સમિતિની ભલામણોનો સંપૂર્ણ અમલ કેમ થયો નહીં? આ વહીવટી નિષ્ફળતા માટે જવાબદાર કોણ? સરકાર જવાબદારો સામે કાર્યવાહી કરવાને બદલે માત્ર પોતાની છબી બચાવવાના પ્રયાસો કેમ કરી રહી છે? સુરતની આજે જે દુર્દશા જોવા મળી રહી છે તેના માટે સંપૂર્ણપણે ભાજપની ભ્રષ્ટાચારી નીતિ અને નિષ્ફળ વહીવટ જવાબદાર છે. છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન હોવા છતાં શહેરના નાગરિકોને મૂળભૂત સુવિધાઓ માટે પણ વલખા મારવાની ફરજ પડી રહી છે. સુરતની જનતાના ટેક્સના પૈસાનો દુરુપયોગ કરીને ભાજપના નેતાઓ અને તેમના નજીકના લોકો પોતાના ખિસ્સા ભરવામાં મશગૂલ છે. રોડ, ડ્રેનેજ, પાણી અને સ્વચ્છતા જેવા પ્રશ્નો દિવસે ગંભીર બનતા જાય છે, પરંતુ ભાજપ સરકારને તેની કોઈ પડી નથી.

સુરતમાં વર્ષોથી અનિયંત્રિત શહેરીકરણ, ગેરકાયદેસર બાંધકામો, વરસાદી પાણીના કુદરતી માર્ગો પર થયેલા દબાણો, યોગ્ય ટાઉન પ્લાનિંગનો અભાવ અને ડ્રેનેજ વ્યવસ્થાની ગંભીર ખામીઓ અંગે સતત પ્રશ્નો ઉઠતા રહ્યા છે. આ તમામ મુદ્દાઓની નિષ્પક્ષ તપાસ થવી જ જોઈએ અને જ્યાં નિયમોના ભંગ કે બેદરકારી સાબિત થાય ત્યાં કડક કાર્યવાહી થવી જોઈએ. આજે હજારો પરિવારો પોતાના ઘર, વેપાર, વાહનો અને જીવનભરની કમાણી ગુમાવી બેઠા છે. કરોડો રૂપિયાની જાહેર અને ખાનગી સંપત્તિને નુકસાન થયું છે. વેપારીઓ, ઉદ્યોગકારો, મજૂરો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

કમિશનનો મુખ્ય સંદેશ એવો હતો કે ૨૦૦૬નું સુરત પૂર માત્ર કુદરતી આપત્તિ નહોતું. ભારે વરસાદ મુખ્ય કારણ હતું, પરંતુ ડેમ સંચાલન, આયોજન, પૂર્વચેતવણી અને પૂરપ્રવણ વિસ્તારોમાં થયેલા વિકાસ જેવા માનવસર્જિત પરિબળોએ તેની ગંભીરતા વધારી હતી. કમિશને ભવિષ્યમાં આવી સ્થિતિ ટાળવા માટે વૈજ્ઞાનિક આયોજન અને અસરકારક વહીવટી સંકલન પર ભાર મૂક્યો. **ગુજરાત સરકારે કમિશનની ભલામણ અંગે શું કરી અમલવારી ?** ફ્લડ ફોરકાસ્ટિંગ વ્યવસ્થામાં અસરકારક સુધારો અમલ કર્યો નથી, વિવિધ વિભાગો વચ્ચે સંકલનમાં અનેક બાબતોની ખામી, સુરત માટે પૂર જોખમ અભ્યાસ (Flood Risk Study) નો અમલ થયો નથી, ફ્લડ પ્લેઈન ઝોનિંગનો સંપૂર્ણ અમલ થયો નથી, પૂરપ્રવણ વિસ્તારોમાં વિકાસ પર પૂરતું નિયંત્રણ લાગુ થયું નથી, જમીન ઉપયોગ (Land Use) સંબંધિત ભલામણો અમલમાં આવી નથી, ગેરકાયદેસર બાંધકામો, આડેધડ બાંધકામો પર સખત પગલા અને શહેરી વિકાસ પ્લાનનો અમલ થયો નથી.

વીસ વર્ષ પછી પણ તંત્રની ગંભીર બેદરકારીનો ભોગ લાખો નાગરિકો બન્યાં છે ત્યારે ફરી લાખો પરિવાર માનવ સર્જિત આપદાનો ભોગ ન બને તે માટે અસરકારક પગલાની માંગ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ન્યાયમૂર્તિ સુજ્ઞાબેન ભટ્ટ સમિતિની તમામ ભલામણોના અમલીકરણ અંગે સરકાર તાત્કાલિક શ્વેતપત્ર જાહેર કરે. વર્તમાન પૂરના કારણો, ડેમ સંચાલન, ડ્રેનેજ વ્યવસ્થા, ટાઉન પ્લાનિંગ અને વહીવટી નિષ્ફળતાની ઉચ્ચસ્તરીય અથવા ન્યાયિક તપાસ કરાવવામાં આવે. વરસાદી પાણીના કુદરતી માર્ગો પર થયેલા

દબાણો, કથિત ગેરકાયદેસર બાંધકામો અને આયોજનમાં થયેલી ગેરરીતિઓની પારદર્શક તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. અસરગ્રસ્ત પરિવારો, વેપારીઓ, ઉદ્યોગો અને ખેડૂતોને તાત્કાલિક અને પૂરતું વળતર ચૂકવવામાં આવે. જે અધિકારીઓ અથવા સત્તાધીશો પોતાની ફરજમાં નિષ્ફળ રહ્યા હોય તેમની સામે સમયબદ્ધ અને કડક કાર્યવાહી કરવામાં આવે. સુરત માટે વૈજ્ઞાનિક અભિગમ સાથે લાંબા ગાળાની પૂર નિયંત્રણ યોજના અમલમાં મૂકવામાં આવે. દરેક પૂરના અંતે સરકાર માત્ર સર્વે કરશે કે જવાબદારોને સજા પણ કરશે? દરેક વખતે કુદરતને દોષ આપીને સરકાર પોતાની જવાબદારીમાંથી બચી શકે નહીં. વરસાદ કુદરત આપે છે, પરંતુ શહેર ડૂબે છે ત્યારે તે સરકારની નિષ્ફળતા બની જાય છે. વીસ વર્ષ પછી પણ જો સુરત ફરી ડૂબે છે, તો તેનો અર્થ સ્પષ્ટ છે સરકારે અહેવાલો લખાવ્યા, પરંતુ અમલ કર્યો નહીં. ગુજરાતના લોકો હવે સહાનુભૂતિ નહીં, જવાબદારી માંગે છે. જાહેરાતો નહીં, જવાબ માંગે છે. બહાનાં નહીં, પરંતુ કાર્યવાહી માંગે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

**નોંધઃ આ સાથે કમિશન-૨૦૦૮ નો અહેવાલનું ગુજરાતી સારાંશ આપને ઈ-મેલ કરેલ છે.**